## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા 'વિશ્વ મધમાખી દિવસ' ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા 'વિશ્વ મધમાખી દિવસ' ની તા. ૨૦.૦૫.૨૦૨૧ ગુરુવારના રોજ ઓનલાઇન ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપક ડો. ટી. એમ. ભરપોડા તેમજ કિટકશાસ્ત્ર વિભાગ ના પ્રાધ્યાપક અને વડા ડો. ડી.બી. સિસોદિયાએ મધમાખી વિશે પોતાના વક્તવ્ય રજુ કરેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. એ.સી. વૈદે પ્રસંગોચિત ઉદબોધન કર્યું. ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના પશુપાલન ના વૈજ્ઞાનિક ડો. શ્રીકાંત કાટોલે દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના કિટકશાસ્ત્ર વિભાગના ડો. ડી.બી. સીસોદિયાએ તેમના વક્તવ્યમાં મધમાખી ની વિશેષતાઓ તેમજ લાક્ષણિકતાઓ વિશે ચર્ચા કરી. તેઓએ મધમાખી ઉછેર ના ઇતિહાસ તેમજ મધમાખીની જુદી જુદી જાતો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. ત્યારબાદ ડો. ટી. એમ. ભરપોડા દ્વારા મધમાખી ઉછેર માં થતી અલગ-અલગ કીટકો તેમજ રોગ જીવાત અને તેના નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ. તેઓએ શુદ્ધ અને ભેળસેળવાળા મધની ચકાસણી કેવી રીતે કરવી તેમજ મધમાખી ઉછેર માં અલગ-અલગ રોગોનું નિયંત્રણ કેવી રીતે કરવું તેની સમજણ આપેલ. આ કાર્યક્રમ ઓનલાઈન પ્લેટફોર્મ ગુગલ મીટ પર કરવામાં આવ્યો હતો જેમાં આણંદ જિલ્લાનાં કુલ ૪૬ ખેડૂત ભાઇઓ જોડાયા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ફિશરીઝ ના વૈજ્ઞાનિક શ્રી જૈમિન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની અંતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પાક સંરક્ષણના વૈજ્ઞાનિક ડો. આર. એમ. પટેલે સર્વે ખેડૂત ભાઇઓ તેમજ કાર્યક્રમમાં જોડાયેલ અધિકારીશ્રીઓનું તેમજ કેવિકેના સ્ટાફનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરી હતી.






